



## શહેરના મુખ્ય માર્ગો પર આડેધડ પાર્ક કરતા વાહન ચાલકો સામે દંડનીય કાર્યવાહી

શહેરના મુખ્ય માર્ગો પર વાહનનો ખડકલો થઈ જતા અન્ય વાહનચાલકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ત્યારે આજે ઘ માર્ગ પર પાર્ક કરેલા વાહનોને લોક મારી દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી. જેથી કેટલાક વાહન ચાલકોમાં રોષ પણ જોવા મળ્યો હતો. પરંતુ પોલીસની આ કામગીરીને પગલે અન્ય વાહનચાલકો પોતાના વાહન વ્યવસ્થિત પાર્ક કરતા જોવા મળ્યા હતા.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



સ્કુલ તો ખોલી નાખી... હવે મેડમનો માસ્ક ખોલવાની પરમીશન આપે તો કાંઈક સમજાય અને સાચૂ ભણવાનું ચાલુ થાય...!!

# સેકટર-૭ એ ખાતે બંધ મકાનમાં તસ્કરોનો હાથફેરો

## સોના-ચાંદીના દાગીના અને ઘડીયાળ મળી કુલ રૂ.૩૯ હજાર મત્તાની ચોરી

ગાંધીનગર, તા.૭

રાજસ્થાનના શ્રીનાથજી ખાતે પરિવાર ફરવા ગયો હતો. ત્યારે ગાંધીનગર શહેરના સેકટર-૭ એ માં બંધ મકાનમાં તસ્કરોએ હાથફેરો કર્યો છે. તસ્કરોએ મુખ્ય દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશી વિવિધ રૂમના કબાટનો સામાન વેર-વિખેર કરી ઘરમાંથી સોના-ચાંદીના દાગીના અને મોંઘીદાટ ઘડીયાળ મળી કુલ રૂ.૩૯ હજારની મત્તાની ચોરી કરી ચોર શખ્સો પલાયન થઈ ગયા છે. સેકટર-૭ પોલીસે ચોરી અંગે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

શહેરના સેકટર-૭ ડી પ્લોટ નં.૧૨૪૨-૧ ખાતે રહેતા રાકેશ જીતેન્દ્રભાઈ દવે (ઉં.૫૧) પરિવાર સાથે રહે છે અને કુડાસણ ખાતે નિફ્ટ યુનિવર્સિટીમાં રીસર્ચ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવે છે. તેમની સાસરી સેકટર-૭ એ પ્લોટ નં.૩૩૭-૧ ખાતે થાય છે. જયારે સાસરીમાં સાસુ, સાળો અને તેની પત્ની અને નાની સાળી રહે છે. આજે સવારે નવા વાગ્યાના અરસામાં રાકેશ દવે અમદાવાદ ખાતે ગયા હતા. તે સમયે ફરીયાદીના સાસુના ઘરે કામ કરતા વ્યકિત રાજુભાઈનો ફોન આવ્યો હતો અને જણાવ્યું હતું કે હું શર્મિલા બેનની ઘરે કામ કરવા આવ્યો છું, અને ઘરના દરવાજનું લોક તુટ્યું હોય તેમ લાગે છે. તેમ જલ્દી આવો, જેથી ફરીયાદી અમદાવાદ હોવાથી તેઓએ સાસુના પાડોશીને ફોન કરી તેઓને ઘર જોવા માટે કહ્યું હતું. જેથી તેઓએ પણ ચોરી થઈ હોવાનું જણાવ્યું હતું. જેથી રાકેશ દવેના સાસરીપક્ષના સભ્યો રાજસ્થાન ગયા હતા, જેથી તેઓએ તેમના પત્નીને કોલ કરી જણાવ્યું હતું. ત્યારબાદ ફરીયાદીએ ઘરે જઈને તપાસ કરતા તમામ રૂમના કબાટો ખુલ્લા હતા અને સામાન વેરવિખેર પડ્યો હતો. જયારે ચોર શખ્સો રૂમના કબાટમાંથી ચાંદીનો હાર, બે જોડ ચાંદીની પાયલ, ચાંદીના ૧૦ ગ્રામના ત્રણ સિક્કા, સોનાની નાકની ચુની અને બ્રાન્ડેડ કાંડા ઘડીયાળ મળી કુલ રૂ.૩૯ હજારની મત્તાની ચોરી થવા પામી છે. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# ચિલોડા વિસ્તારમાં વસંતપંચમી બાદ લગ્નસરાની મોસમ પૂરબહાર

વિક્રમ સંવત ૨૦૭૮ના વર્ષમાં મહાસુદ પાંચમ વણજોયું મુહૂર્ત બાદ છેલ્લા બે વર્ષ કોરોના મહામારીના કારણે લગ્ન પ્રસંગોમાં બ્રેક વાગતાં લગ્નઈચ્છુકોમાં લગ્નો સ્થગિત કરવાની ફરજ પડી હતી. હવે ત્રીજી લ્હેરમાં કોરોનાના કેસોનું સંક્રમણ કેસમાં ઘટાડો થતાં અને લગ્નપ્રસંગમાં ૩૦૦ માણસોની મંજૂરીની મહોર લાગતાં લગ્નોઈચ્છુકોમાં નવો ઉત્સાહ-ઉમંગનો માહોલ જોવા મળી રહ્યો છે.

ચિલોડા પંથકમાં લગ્નસરાની મોસમ ખીલી ઉઠતાં ઠેર ઠેર શહેનાઈના સુર ગુંજી ઉઠ્યા છે. પાર્ટી પ્લોટ, લગ્ન મંડપો, શણગારેલી લકઝરી કારો, ડી.જે.વાળા, કેટરર્સ, ફર્નીચર અને ભોજન સમારંભો માટેની ખરીદી-વેચાણ, રેડીમેઈડ કપડાં, બ્યુટીપાર્લરો, સાડીસેન્ટરો, જ્વેલર્સની દુકાનોમાં લોકોની હેરાફેરી વધી જવા પામી છે. લગ્નસરાની મોસમથી લોકોમાં ભારે ઉત્સાહ-ઉમંગ દેખાઈ રહ્યો છે. આમ છતાં સરકારી ગાઈડલાઈનનું ચુસ્તપણે અમલ કરવા મજબુર બન્યા છે. ત્યારે છાલા સ્થિત અર્બુદા ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ૪૨ ગામ ચૌધરી સમાજ દ્વારા ૧૭ નવદંપતિએ સરકારી ગાઈડલાઈન મુજબ સૌ પ્રથમ સમુહ લગ્નનું સુંદર આયોજન કર્યુ હતુ. જેમાં સમાજના દાતાઓ તરફથી દરેક દીકરીઓને ૩૩ વસ્તુઓની ભેટસોગાદો આપી હતી. આ પ્રસંગે લગ્ન સમિતિ દ્વારા દાતાઓનું વિશેષ સન્માન કરી શુભેચ્છાઓ પાઠવી હતી. સમાજના જાગૃત સક્રિય અને ઉત્સાહી આયોજકો અને સ્વયંસેવકોએ સુંદર આયોજન કરી લગ્ન મહોત્સવ સફળ બનાવ્યો હતો.





ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ જગદીશભાઈ ઠાકોરની ઉપસ્થિતિમાં કોવિડ ન્યાય યાત્રાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. સત્યાગ્રહ છાવણીથી કલેક્ટર કચેરી સુધી પદયાત્રાનું આયોજન કરીને આ બાબતે આવેદનપત્ર આપવામાં આવ્યુ હતુ.

# મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ ખાતે પ્રાકૃતિક ખેતીનું મહત્વ વિષય પર વેબીનાર યોજાયો

ચિલોડા, તા. ૭

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા પ્રાકૃતિક ખેતીનું મહત્વ વિષય પર એક વેબીનારનું આયોજન થયુ. જેમાં કૃષિ વિજ્ઞાનના તજજ્ઞ અને ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક ડૉ. રાજેન્દ્ર ખીમાણી સાહેબે પ્રાકૃતિક ખેતીના મહત્વ વિષય અંતર્ગત ચાવીરૂપ વક્તવ્ય આપ્યું હતું. કા. કુલસચિવ ડૉ. નિખિલ ભટ્ટ દ્વારા પ્રસંગોચિત વક્તવ્ય રજૂ થયુ હતુ. સંયોજક રમેશભાઈ પટેલે સૌને આવકારી વિષયની ભૂમિકા બાંધી હતી. જ્યારે આભારદર્શન પ્રોગ્રામ ઓફિસર ડૉ. દિવ્યેશ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર વેબીનારનું સુચારૂ સંકલન અને સંચાલન પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતીભાઈ દેવુ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, ખેડૂતો, વાલીઓ, અધ્યાપકો અને સંસોધકો તથા રસિકો જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમ ગૂગલ મિટના માધ્યમથી યોજાયો હતો.

# ગુજરાત સહિતના ૧૨ રાજ્યોમાં મિશન ઈન્દ્રધનુષનો શુભારંભ કરાવતા મનસુખભાઈ માંડવિયા

ગાંધીનગર, તા. ૭

કેન્દ્રીય આરોગ્યમંત્રી મનસુખ માંડવિયાએ દેશના ૧૨ રાજ્યોમાં સગર્ભા બહેનો અને બાળકો માટે મિશન ઈન્દ્રધનુષ ૪.૦ -ચોથા તબક્કાનો પ્રારંભ કરાવ્યો છે. રાજ્યોના દૂર-સૂદૂર અને આંતરિયાળ વિસ્તારો સુધી મિષન ઈન્દ્રધનુષ ઝુંબેશ પહોંચે તે દિશામાં લોકભાગીદારીથી કામગીરી હાથ ધરવા તમામ રાજ્યોને મંત્રી મનસુખભાઈ માંડવિયાએ અનુરોધ કર્યો છે.

મિશન ઈન્દ્રધનુષ અંતર્ગત અપાતી વિવિધ પ્રકારની રસીની બુંદ બુંદ લાભાર્થીઓને જીવનઉપયોગી બનીને આરોગમ્ય બનાવશે તેવો ભાવ તેમણે વ્યક્ત કર્યો હતો. કોરોના મહામારી વચ્ચે ૧૭૦ કરોડ કોરોના રસીકરણ સાથે ભારત દેશે સમગ્ર વિશ્વમાં સહિયારા પ્રયાસોનું શ્રેષ્ઠ ઉદાહરણ પ્રસ્થાપિત કર્યું છે. આજે વિશ્વના અન્ય દેશો ભારતના કોરોના રસીકરણ મહાઅભિયાનની કામગીરીની પ્રશંસા કરી રહ્યા છે.

એક સર્વેનો સંદર્ભ ટાંકતા કેન્દ્રીય આરોગ્યમંત્રીએ કહ્યું કે વર્ષ ૨૦૧૪ અગાઉ વિવિધ પ્રકારની રસીનું પ્રમાણ ૪૩ ટકા હતું જે આજે દેશભરમાં ૭૬ ટકા સુધી પહોંચ્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આરંભેલા મિશન ઈન્દ્રધનુષમાં દેશના ૯૦ ટકાથી વધુ લોકો સુધી રસીનો લાભ પહોંચાડવાનો દ્રઢ નિર્ધાર કરવામાં આવ્યો છે. જેને પરિપૂર્ણ કરવા કેન્દ્રીય આરોગ્ય વિભાગ દેશના અન્ય રાજ્યોના સહિયારા પ્રયાસો સાથે કટિબધ્ધ છે તેમ મનસુખભાઈએ જણાવ્યું હતુ.

ગુજરાતમાં આરંભ થયેલ મિશન ઈન્દ્રધનુષ ૪.૦. ત્રણ તબક્કામાં ૭ ફેબ્રુઆરી, ૭ મી માર્ચ અને ૪ એપ્રિલના રોજ કાર્યરત કરવામાં આવશે. આ અભિયાન અંતર્ગત રાજયના ૩૩ જિલ્લા અને ૮ મહાનગરપાલિકાઓમાં સગર્ભા બહેનો અને બાળકોને આવરી લઈ આરોગ્ય સંલગ્ન વિવિધ રસીઓ આપવામાં આવશે.

# શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ દ્વારા નિઃશુલ્ક ચશ્મા વિતરણનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૭

લત્તા મંગેશકરના સન્માનમાં શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજયકક્ષા દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બ્રહ્મ સમાજના નાગરિકોને આંખના નંબર તપાસીને નિઃશુલ્ક ૧, ૨, ૩ નંબર સુધીના ચશ્મા નિઃશુલ્ક આપવામાં આવશે. લેટેસ્ટ મશીન દ્વારા આંખોના નંબર તપાસી આપવામાં આવશે. બીજી જ્ઞાતિના નાગરિકો માટે માત્ર ૩૦ રૂપિયાની કિંમતમાં ચશ્મા કાઢી આપવામાં આવશે. આ કાર્યક્રમ ૧૩ તારીખે સવારે ૧૧.૦૦ વાગ્યાથી સાંજના ૩ વાગ્યા સુધી યોજાશે. જે અંકુર કોમ્પલેક્ષ, ૧૫, અંકરચાર રસ્તા, નારણપુરા, અમદાવાદ ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં સમાજના અગ્રણીઓ ભરતભાઈ રાવલ, યજ્ઞેશ દવે, અમીત દવે, અશ્વિન ત્રિવેદી, દિનેશ રાવલ ઉપસ્થિત રહેશે.



શ્રી જલીયાણ સેવા ગ્રુપ દ્વારા સેકટર-૮ આદર્શ નિવાસી કન્યા શાળાની દીકરીઓને જલારામ બાપાની પ્રસાદી રૂપે શ્રી સ્વામીનારાયણ સંપ્રદાયનો પવિત્ર ગ્રંથ શિક્ષાપત્રી અપાયો હતો. સાથે જ દીકરીઓને ચોપડા પેન અને હાથરૂમાલનું વિતરણ કરાયું હતું. ચોકલેટ આપીને દીકરીઓનું મોં મીઠું કરાવાયું હતું.

## ખૂણેખાંચરેથી

- રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ૨૦૨૨-૨૭ની આઈટી પોલીસીનું લોન્ચીંગ ગિફ્ટસીટી ક્લબ ખાતે સવારે ૧૦ વાગે કરશે.
- ગાંધીનગરના નવનિયુક્ત પ્રાંત અધિકારી બ્રિજેશ મોડિયાએ આજે તેમના હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો છે.
- સ્વચ્છ ગામ સ્વસ્થ ગ્રામ દરખાસ્તોની ચકાસણી માટે નિયુક્ત થયેલા અધિકારીઓએ તેમને સોંપવામાં આવેલા ગામોની મુલાકાત લઈ અહેવાલ તૈયાર કરી દીધો હોવાનું જાણવા મળેલ છે.
- ગાંધીનગર-શહેર જિલ્લામાં ઠંડીનું જોર ઘટ્યુ છે અને લગ્નસરાની મોસમ પણ પૂરબહારમાં ખીલી છે.
- શહેર-જિલ્લામાં કોરોનાના કેસો ૨૦૦થી નીચે જતાં તંત્રએ રાહત અનુભવી છે.
- ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારોમાં પેયજળના પ્રશ્નો ઉભા થયા છે.
- સચિવાલયમાં પણ હવે ફાઈલોના ઢગલા થવા લાગ્યા છે. અધિકારીઓ કે મંત્રીઓ દ્વારા અન્ય કાર્યક્રમોની વ્યસ્તતામાં નિકાલ થતો જ નથી અથવા નિકાલની ગતિ ધીમી પડી છે.
- વાયબ્રન્ટ સમીટમાં હવે પેનડ્રાઈવ નહિ પણ એલ્યુમીનીયમ બોડી અને સિલ્વર પ્લેટિંગ ધરાવતી જર્મન સોલર રિફિલ સાથે આપવાની વાતોએ સચિવાલયમાં ચર્ચા જગાવી છે. સરકારે આ માટે ટેન્ડર જારી કર્યાની વાત પણ છે.
- ગાંધીનગરમાં ટ્રાફિક નિયમનના પાલન માટે આજે ચ-૩ ખાતે લેફ્ટ સાઈડમાં ટ્રાફિક સિગ્નલ બંધ હોય ત્યારે વાહનચાલકો ત્યાં પણ લાઈન લગાવતા હોવાથી આજે માઈક પર પોલીસે વિનંતી કરી હતી તેમજ હવે તેનો ભંગ કરનારાઓ સામે દંડનીય કાર્યવાહી કરવાની ચેતવણી આપી હતી.


### ટેન્ડર નોટીસ

**ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લી. ગાંધીનગર**
કાર્યપાલક ઈજનેર યુનીટ-૨ (સુજલામ સુફલામ), બીજો માળ, સ્ટેટ વૉટર ડેટા સેન્ટર, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન / ફેક્સ નં. (૦૭૯) ૨૩૨ ૩૬૭૧૨ Email : eessunit2@gmail.com
**ટેન્ડર નોટીસ નં. ૨૦/૨૦૨૧-૨૨**

અટલ ભજલ યોજના (અટલ જલ)નો અમલ કરવા સારૂ મદદરૂપ થવા ડિસ્ટ્રીક્ટ ઈમ્પ્લીમેન્ટેશન પાર્ટનરની નક્કી કરેલ જિલ્લામાં નિમણુંક બાબતે (કલ્સટર-૧) અનુભવ ધરાવતી અને ટેન્ડરમાં દર્શાવેલ જરૂરી માપદંડ મુજબની લાયકાત ધરાવતી પેઢીઓ પાસેથી કાર્યપાલક ઈજનેર યુનીટ-૨ (સુજલામ સુફલામ), બીજો માળ, સ્ટેટ વૉટર ડેટા સેન્ટર, સેક્ટર-૮, ગાંધીનગર. ફોન / ફેક્સ નં. (૦૭૯) ૨૩૨૩૬૭૧૨ દ્વારા ફોર્મ-'સી'માં નીચે જણાવેલ કામ માટે ઓનલાઈન ટેન્ડર દ્વારા ભાવો માંગવામાં આવે છે.

૧. **કામનું નામ :-** અટલ ભુજલ (અટલ જલ)નો અમલ કરવા સારું મદદરૂપ થવા ડિસ્ટ્રીક્ટ ઈમ્પ્લીમેન્ટેશન પાર્ટનર નક્કી કરેલ જિલ્લામાં નિમણુંક થવા બાબત (કલસ્ટર-૭)
૨ **અંદાજીત રકમ :-** રૂ. ૧૨૨૬૯૦૦૦/-
૩. **બાનાની રકમ :-** રૂ. ૧૨૨૭૦૦/-
૪. **ટેન્ડર ફી :-** રૂ. ૪૨૪૮/-
૫. **ઓનલાઈન ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય :** તારીખ : ૨૬/૨/૨૦૨૨ સમય : ૧૮.૦૦ કલાક સુધી
૬. **ટેન્ડર ફી, બાનાની રકમ અને અન્ય દસ્તાવેજો ફક્ત આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી મોકલવાની તારીખ :** ૨૮/૨/૨૦૨૨ થી ૪/૩/૨૦૨૨ - ૧૮.૦૦ કલાક
૭. ઈ.એમ.ડી. એકઝામ્પશન સર્ટીફિકેટ સ્વીકારવામાં આવશે નહિ.
૮. ૧૮૦ દિવસથી ઓછી ઈ.એમ.ડી. સ્વીકારવામાં આવશે નહિ તેમજ ટેન્ડર સ્વીકારવા પાત્ર રહેશે નહિ.
૯. વધુ વિગતો વેબસાઈટ www.statetenders.com / www.gwrdc.gujarat.gov.in અને http://www.gwrdc.nprocure.com મારફતે જોઈ શકાશે.
૧૦. ટેન્ડર માત્ર ઓનલાઈન જ સ્વીકારવામાં આવશે.

માહિતી/૩૦૭૬/૨૧-૨૨



### ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટીચર એજ્યુકેશન, ગુજરાત

(A State Public University established by Government of Gujarat)

આઈ.આઈ.ટી.ઈ.માં નીચેની જગ્યા કરાર આધારિત/ડેપ્યુટેશનથી ભરવા માટે નિયત નમૂનામાં અરજી આમંત્રિત કરવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | નાયબ કુલસચિવ | ૦૧ |

અરજી કરવાની છેલ્લી તારીખ : ૧૯/૦૨/૨૦૨૨
જરૂરી વિગતો માટે અમારી વેબસાઈટ www.iite.ac.inની મુલાકાત લેવા વિનંતી છે.

**તારીખ : ૦૭/૨/૨૦૨૨**

**કુલસચિવ,**
**આઇ.આઇ.ટી.ઇ.**



### ટેન્ડર નોટીસ

**ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લી. ગાંધીનગર**
કાર્યપાલક ઈજનેર યુનીટ-૨ (સુજલામ સુફલામ), બીજો માળ, સ્ટેટ વૉટર ડેટા સેન્ટર, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન / ફેક્સ નં. (૦૭૯) ૨૩૨ ૩૬૭૧૨ Email : eessunit2@gmail.com
**ટેન્ડર નોટીસ નં. ૩૦/૨૦૨૧-૨૨**

અટલ ભજલ યોજના (અટલ જલ)નો અમલ કરવા સારૂ મદદરૂપ થવા ડિસ્ટ્રીક્ટ ઈમ્પ્લીમેન્ટેશન પાર્ટનરની નક્કી કરેલ જિલ્લામાં નિમણુંક બાબતે (કલ્સટર-૧) અનુભવ ધરાવતી અને ટેન્ડરમાં દર્શાવેલ જરૂરી માપદંડ મુજબની લાયકાત ધરાવતી પેઢીઓ પાસેથી કાર્યપાલક ઈજનેર યુનીટ-૨ (સુજલામ સુફલામ), બીજો માળ, સ્ટેટ વૉટર ડેટા સેન્ટર, સેક્ટર-૮, ગાંધીનગર. ફોન / ફેક્સ નં. (૦૭૯) ૨૩૨ ૩૬૭૧૨ દ્વારા ફોર્મ-'સી'માં નીચે જણાવેલ કામ માટે ઓનલાઈન ટેન્ડર દ્વારા ભાવો માંગવામાં આવે છે.

૧. **કામનું નામ :-** અટલ ભુજલ (અટલ જલ)નો અમલ કરવા સારું મદદરૂપ થવા ડિસ્ટ્રીક્ટ ઈમ્પ્લીમેન્ટેશન પાર્ટનર નક્કી કરેલ જિલ્લામાં નિમણુંક થવા બાબત (કલસ્ટર-૮)
૨ **અંદાજીત રકમ :-** રૂ. ૧૧૧૦૨૦૦૦/-
૩. **બાનાની રકમ :-** રૂ. ૧૧૧૧૦૦/-
૪. **ટેન્ડર ફી :-** રૂ. ૪૨૪૮/-
૫. **ઓનલાઈન ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય :** તારીખ : ૨૬/૨/૨૦૨૨ સમય : ૧૮.૦૦ કલાક સુધી
૬. **ટેન્ડર ફી, બાનાની રકમ અને અન્ય દસ્તાવેજો ફક્ત આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી મોકલવાની તારીખ :** ૨૮/૨/૨૦૨૨ થી ૪/૩/૨૦૨૨ - ૧૮.૦૦ કલાક
૭. ઈ.એમ.ડી. એકઝામ્પશન સર્ટીફિકેટ સ્વીકારવામાં આવશે નહિ.
૮. ૧૮૦ દિવસથી ઓછી ઈ.એમ.ડી. સ્વીકારવામાં આવશે નહિ તેમજ ટેન્ડર સ્વીકારવા પાત્ર રહેશે નહિ.
૯. વધુ વિગતો વેબસાઈટ www.statetenders.com / www.gwrdc.gujarat.gov.in અને http://www.gwrdc.nprocure.com મારફતે જોઈ શકાશે.
૧૦. ટેન્ડર માત્ર ઓનલાઈન જ સ્વીકારવામાં આવશે.

માહિતી/૩૦૮૩/૨૧-૨૨



### ટેન્ડર નોટીસ

**ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લી. ગાંધીનગર**
કાર્યપાલક ઈજનેર યુનીટ-૨ (સુજલામ સુફલામ), બીજો માળ, સ્ટેટ વૉટર ડેટા સેન્ટર, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન / ફેક્સ નં. (૦૭૯) ૨૩૨ ૩૬૭૧૨ Email : eessunit2@gmail.com
**ટેન્ડર નોટીસ નં. ૨૩/૨૦૨૧-૨૨**

અટલ ભજલ યોજના (અટલ જલ)નો અમલ કરવા સારૂ મદદરૂપ થવા ડિસ્ટ્રીક્ટ ઈમ્પ્લીમેન્ટેશન પાર્ટનરની નક્કી કરેલ જિલ્લામાં નિમણુંક બાબતે (કલ્સટર-૧) અનુભવ ધરાવતી અને ટેન્ડરમાં દર્શાવેલ જરૂરી માપદંડ મુજબની લાયકાત ધરાવતી પેઢીઓ પાસેથી કાર્યપાલક ઈજનેર યુનીટ-૨ (સુજલામ સુફલામ), બીજો માળ, સ્ટેટ વૉટર ડેટા સેન્ટર, સેક્ટર-૮, ગાંધીનગર. ફોન / ફેક્સ નં. (૦૭૯) ૨૩૨ ૩૬૭૧૨ દ્વારા ફોર્મ-'સી'માં નીચે જણાવેલ કામ માટે ઓનલાઈન ટેન્ડર દ્વારા ભાવો માંગવામાં આવે છે.

૧. **કામનું નામ :-** અટલ ભુજલ (અટલ જલ)નો અમલ કરવા સારું મદદરૂપ થવા ડિસ્ટ્રીક્ટ ઈમ્પ્લીમેન્ટેશન પાર્ટનર નક્કી કરેલ જિલ્લામાં નિમણુંક થવા બાબત (કલસ્ટર-1)
૨ **અંદાજીત રકમ :-** રૂ. ૧૧૦૫૯૦૦૦/-
૩. **બાનાની રકમ :-** રૂ. ૧૧૦૬૦૦/-
૪. **ટેન્ડર ફી :-** રૂ. ૪૨૪૮/-
૫. **ઓનલાઈન ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય :** તારીખ : ૨૬/૨/૨૦૨૨ સમય : ૧૮.૦૦ કલાક સુધી
૬. **ટેન્ડર ફી, બાનાની રકમ અને અન્ય દસ્તાવેજો ફક્ત આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી મોકલવાની તારીખ :** ૨૮/૨/૨૦૨૨ થી ૪/૩/૨૦૨૨ - ૧૮.૦૦ કલાક
૭. ઈ.એમ.ડી. એકઝામ્પશન સર્ટીફિકેટ સ્વીકારવામાં આવશે નહિ.
૮. ૧૮૦ દિવસથી ઓછી ઈ.એમ.ડી. સ્વીકારવામાં આવશે નહિ તેમજ ટેન્ડર સ્વીકારવા પાત્ર રહેશે નહિ.
૯. વધુ વિગતો વેબસાઈટ www.statetenders.com / www.gwrdc.gujarat.gov.in અને http://www.gwrdc.nprocure.com મારફતે જોઈ શકાશે.
૧૦. ટેન્ડર માત્ર ઓનલાઈન જ સ્વીકારવામાં આવશે.

માહિતી/૩૦૮૨/૨૧-૨૨